# તડીપાર હોવા છતાં ગાંધીનગરમાં ફરતો બુટલેગર ઝડપાયો

## ગાંધીનગર અમદાવાદ સહિત આઠ જિલ્લામાંથી તડીપાર કરાયો હતો

ગાંધીનગર, તા.૧૯
રાજ્યના પોલીસ વડાએ આપેલી સુચના અન્વયે ગાંધીનગર જિલ્લાના તમામ સંબંધિત પોલીસ અધિકારીઓને કોમ્બિંગ નાઈટ કરવા તથા નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ પેરોલ -ફર્લો જમ્પ અને હદપારી ના ભંગ કરનાર શખ્સો પકડવા જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ સૂચના આપે છે ત્યારે ગાંધીનગર એલસીબીની ટીમે ગઈકાલે કોમ્બિંગ નાઈટ દરમિયાન ગાંધીનગર સહિત આઠ જિલ્લામાંથી તડીપાર થયેલા ભાટ ગામના બુટલેગરને હદપારીના ભંગ હેઠળ દબોચી લીધો છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિત તથા તેમની ટીમ ગઈકાલે કોમ્બિંગ નાઈટમાં હતી ત્યારે તડીપારના હુકમનો ભંગ કરનાર બુટલેગર તેમના હાથે ઝડપાઈ ગયો હતો. ગાધીનગર નજીક ભાટ ગામમાં રહેતા દિનેશ ઉર્ફે બોડા કાંતિ ઠાકોર નામના શખ્સ ને ૨૧ ફેબ્રુઆરીના હુકમથી એક વર્ષ માટે ગાંધીનગર જિલ્લા સહિત અમદાવાદ શહેર, બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ ગ્રામ્ય, મહેસાણા, પાટણ અને અરવલ્લી મળીને આઠ જિલ્લાઓમાંથી તડીપાર કરવામાં આવ્યો હતો. ૮ જિલ્લામાંથી તડીપાર થયેલો આ બુટલેગર તડીપાર હુકમનો ભંગ કરીને ભાટ વિસ્તારમાં જ ફરતો હોવાની બાતમી આધારે ગાંધીનગર એલસીબીની ટીમે બુટલેગર દિનેશ ઉર્ફે બોડાની ધરપકડ કરી તેના વિરૂદ્ધ હદપારના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા જાબાંઝ પોલીસ અધિકારીનું સન્માન

ગાંધીનગર, તા. ૧૯
ગાંધીનગર શહેરમાં



વિધાનસભા સચિવાલયમાં સુરક્ષાની જવાબદારી નિભાવે છે અને સરકારી ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવતા નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક એમ.જે. સોલંકીનું તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ઉમદા કામગીરીને ધ્યાને રાખી રાષ્ટ્રપતિ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

આ કર્તવ્ય નિષ્ઠ પોલીસ અધિકારીનું દલિત અધિકાર સંઘ ગુજરાત સંસ્થા તરફથી પણ તાજેતરમાં સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જીતુભાઈ ફકીરભાઈ વાઘેલાએ પુષ્પગુંચ્છ આપી શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના અન્ય હોદેદારો હાજર રહ્યા હતા.

# પ્રવેશથી વંચિત રહેતા વિદ્યાર્થીઓને લઈ એનએસયુઆઈનું આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૯
સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે પ્રથમ વર્ષના અંદાજીત ૯૨ જેટલા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહ્યા છે. આ વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ દ્વારા વિજ્ઞાન કોલેજના આચાર્યને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓના હિતમાં કરવામાં આવેલી માંગણીઓનો સ્વીકાર પણ એનએસયુઆઈના જિલ્લા પ્રમુખ નયન શ્રીમાળીએ ઉચ્ચારી છે. આ પ્રસંગે એનએસયુઆઈના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર વિજ્ઞાન કોલેજના ઓનલાઈન એડમીશનમાં પ્રથમ વર્ષમાં પ્રથમ અને દ્વિતિય રાઉન્ડમાં એડમીશન માટે નામ આવ્યું હતું. પરંતુ કોઈ કારણોસર પ્રવેશ ફી ભરી શક્યા નથી તેવા ૯૨ જેટલા કોલેજના પ્રિન્સીપાલએ બાંહેધરી આપતા જણાવ્યું હતું કે જે વિદ્યાર્થીઓની કોલેજની ફી ભરવાની બાકી રહી ગઈ હોય તેવા વિદ્યાર્થીઓની તા. ૨૦ ઓગસ્ટના રોજ બપોરે ૧ કલાકે ફી લેવામાં આવશે. તેઓએ વધુ જણાવ્યું હતું કે ફકત ઓનલાઈન રાઉન્ડ-૧ અને રાઉન્ડ-૨ માં પ્રવેશ માટે રિપોર્ટીંગ કર્યા બાદ કોલેજ ખાતે બાકી રહેતી ફી ભરવાનું જેઓને બાકી રહી ગયા



કરવામાં નહીં આવે તો વિજ્ઞાન કોલેજ પરિસરમાં જ ધરણા યોજી ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચિમકી વિદ્યાર્થીઓ છે. આટલી મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહેતા હોહા મચી જવા પામી છે.ત્યારે સરકારી વિજ્ઞાન હોય તેઓને આ જાણકારી લાગુ પડે છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ નયન શ્રીમાળી, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના અજયસિંહ વાઘેલા, જિલ્લા એનએસયુઆઈ વિજયસિંહ વાઘેલા, જિલ્લાના મહામંત્રી કુલદીપસિંહ બિહોલા, દિવ્યરાજસિંહ વાઘેલા, ઉત્કર્ષ સોલંકી, શકિતસિંહ રાઠોડ સહિત કોલેજના તેમજ પ્રવેશથી વંચિત રહેલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## વાતવાતમાં

● ગાંધીનગર તાલુકામાં રવિવારે માત્ર ૧ મીલી મીટર વરસાદ નોંધાયો, જ્યારે કલોલ તાલુકામાં ૫ મીમી વરસાદ નોંધાયો હતો. જિલ્લાના અન્ય બે તાલુકા માણસા અને દહેગામ કોરાધાકોર રહેવા પામ્યાં હતા.

● રવિવારે ગાંધીનગરમાં ૧૨૬ તબીબોએ મેલેરિયા, ડેન્ગ્યુ, લીવર ટ્રાન્સપ્લાન્ટ અને ન્યુરોલોજીના સંદર્ભે ચિંતન બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યના નિષ્ણાતોએ તેમના વકતવ્ય આપ્યાં હતા.

● ગાંધીનગર, અમદાવાદ અને વડોદરા સહિત મહાનગરપાલિકાઓમાં સિનિયર કલાર્કની જગ્યા માટે પરીક્ષા રવિવારે યોજાઈ હતી જેમાં ગાંધીનગર મનપાની ૧૦ જગ્યાઓનો સમાવેશ થાય છે. રાજ્યભરમાંથી ૪૮ હજાર જેટલા ઉમેદવારોએ કરેલ અરજીના સંદર્ભે ૬૫ કેન્દ્રો ફાળવવામાં આવ્યાં હતા તેમાં પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગરમાં અંદાજે ૫૦ ટકા જેટલી હાજરી નોંધાઈ હતી.

● ગાંધીનગરમાં વરસાદી માહોલ વચ્ચે તંત્રએ વાહકજન્ય રોગો પ્રત્યે કમર કસવાની જરૂર જણાય છે. પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગરમાં જાન્યુઆરીથી જુલાઈ માસ સુધીમાં મેલેરિયાના ૫૯ કેસ અને ડેન્ગ્યુના ૧૧ કેસ નોંધાઈ ચુક્યા છે.

# સગીરા પર બળાત્કારના ગુનામાં નાસતો-ફરતો આરોપી ઝડપાયો

## રાયોટિંગ અને હત્યાની કોશિશના ગુનામાં ત્રણ વર્ષથી વોન્ટેડ શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૧૯
અમરેલી તાલુકાના એક



ગામમાંથી સગીરાને ભગાડી તેની પર બળાત્કાર ગુજારવાના કેસમાં છેલ્લા બે વર્ષથી નાસતો-ફરતો આરોપી ગાંધીનગર નજીકના વિસ્તારોમાં ફરતો હોવાની બાતમીના આધારે અમરેલી એસઓજીની ટીમ અડાલજ વિસ્તારમાં આવી હતી. અમરેલી એસઓજી અને અડાલજ પોલીસની ટીમે બે વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડ્યો છે. તો બીજી તરફ દહેગામ પોલીસ સ્ટેશનમાં રાયોટિંગ અને હત્યાની કોશિશના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી વોન્ટેડ આરોપી ને ગાંધીનગર એલસીબીની ટીમે કોમ્બિંગ નાઈટ દરમિયાન પકડી પાડ્યો છે.



પાટણ જિલ્લાના સમી તાલુકામાં આવેલા નાના ચંદુરપ ગામમાં રહેતા પ્રહલાદ રાણાજી કુડેસીયા સામે અમરેલી તાલુકાના પોલીસ સ્ટેશનમાં એક સગીરાનુ અપહરણ કરીને તેની પર બળાત્કાર કર્યો હોવાની ફરિયાદ વર્ષ ૨૦૧૫માં નોંધાઈ હતી. કોર્ટમાં છેલ્લા બે વર્ષથી હાજર નહિ રહેતા આ આરોપી પ્રહલાદનું પકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું.

જે આધારે અમરેલી એસઓજીની ટીમ અડાલજ

● અનુસંધાન પાના - ૭ પર

# સાદરાના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણના કાર્યક્રમમાં જોડાયા

ગાંધીનગર, તા. ૧૯
શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયમ સેવકોએ હીરો હોન્ડા અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં જોડાયા જેમાં એન.એસ.એસ. સ્વય સેવકોમાંથી ટુકડી નાયક તરીકેની જવાબદારી અર્જુન રાયશીખ ખુબજ સારી રીતે નિભાવી હતી.

મુખ્ય રૂપથી રાજેન્દ્ર ગેલોત, અજય મેમકિયા, કુણાલ ઝાલા, રતન ડાભી, સુમિત ડાભી, વિરમ ચૌહાણ અને અનીલ કુકડિયા સરસ રીતે વૃક્ષારોપણની કામગીરી કરી હતી અને આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં અમદાવાદ શહેરના મેયર બીજલબેન પટેલની સાથે ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, રમેશભાઈ પટેલ અને બ્રહ્માકુમારીની તારાદીદી અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ પણ જોડાયા હતા.



ગાંધીનગર શહેરના સેકટર-૨૨ આનંદ વાટીકા સોસાયટીના બહેનો તેમજ બાળકો દ્વારા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. અને વૃક્ષના ઉછેર માટે સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે બાળકોને પર્યાવરણ અંગે મહિલાઓએ સમજ આપી હતી.

# મન વગરનો મેળ અને ધર્મ વગરનું જીવન શું કામનું ? : આચાર્ય સુનીલસાગરજી

ગાંધીનગર, તા. ૧૯
''મેળ શું કામનો જો મન ના હોય અને જીવન શું કામનું જો ધર્મ ના હોય ?'' જેવા માર્મિક વચનો સાથે ગાંધીનગરનાં ચાતુર્માસ કરી રહેલા આચાર્ય પૂ.



સુનીલ સાગરજી મહારાજે આજે જણાવ્યું હતું કે જો વ્યવહારિક જીવનમાં મનમેળ ના હોય તો જીવન વ્યર્થ છે પછી ભલે તે વૈવાહિક જીવન હોય કે વ્યવસાયિક જીવન હોય. મિલનની એક સરખી ભાવના અને એક સરખી લાગણી તથા પ્યાસ પણ એટલી જ જરૂરી છે.

પૂ. સુનીલ સાગરજીએ જણાવ્યું હતુ કે ''મનમેળ અને મનભેદ બંનેની અસર એક સરખી જ હોય છે, એકની જેટલી અસર હકારાત્મક હોય છે તેટલી જ બીજાની નકારાત્મક. ધાર્મિક ક્ષેત્રે જીવનને આર્થક બનાવવાની અને સંત સમાગમની તક પણ ભાગ્યથી જ મળે છે જે જીવનને સંયમ માર્ગ તરફ દોરે છે અને પ્રભુ વચનોમાં શ્રદ્ધાને દઢ બનાવે છે.

જીવન 'એશ' માટે નથી પરંતુ 'ઐશ્વર્ય' માટે છે, એકથી જીવન વિલાસી બને છે, બીજાથી ઐશ્વર્યવાન.' આ સાથે આચાર્યએ સમાજમાં મનમેળ માટે સ્થિતિપ્રજ્ઞ, કરૂણા, દયા જેવા ગુણોની જરૂરિયાત હોવાનું જણાવતા ગાંધીજીના સાબરમતી આશ્રમમાં એક ચોરના કિસ્સાના ઉદાહરણથી ભાવિકોને ગાંધીનું જેવો માનવીય દષ્ટિકોણ અપનાવવા સલાહ આપી હતી.

# પાર્ટીના સભ્યો ઈચ્છે છે કે અમને પ્રધાનપદ નહીં તો બોર્ડ-કોર્પોરેશનમાં ચેરમેન બનાવો

ગુજરાત સરકારના બોર્ડ-કોર્પોરેશનમાં બાકી નિયુક્તિની હિલચાલ શરૂ થઈ છે. પાર્ટીના નારાજ ધારાસભ્યો તેમજ અગ્રણી કાર્યકરોને મૂકવા માટેનું દબાણ વધી રહ્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સંગઠનના પદાધિકારીઓ પાસેથી નામો મંગાવ્યા છે કે જેથી ચેરમેન અને ડિરેક્ટરોની નિયુક્તિ થઈ શકે. સરકારે જે બોર્ડ-કોર્પોરેશનમાં નિયુક્તિ કરી હતી તેમાં વિધાનસભાની ચૂંટણી પછી પુનઃ નિયુક્તિ થઈ નથી. જીઆઈડીસી અને પ્રવાસન નિગમ સહિત માત્ર આઠ થી દસ જાહેર સાહસોમાં ચેરમેનપદ આપવામાં આવેલા છે. પાર્ટીના એક સિનિયર ધારાસભ્યએ કહ્યું હતુ કે અમને ભલે મંત્રી ન બનાવો પરંતુ ચેરમેનપદ તો આપો, જેથી અમારૂં માન જળવાઈ રહે. આમ જોઈએ તો ૨૦૦૦ જેટલી જગ્યાઓ છે પરંતુ સરકારે હજી ભરી નથી. ચૂંટણી પછી રાજ્યના આઠ મ્યુનિસિપલ કોર્પોરેશનના શહેરી વિકાસ સત્તામંડળમાં ચેરમેનના પદ ખાલી પડ્યા છે. એ ઉપરાંત મહત્વના સાહસો કે જ્યાં પોલિટીકલ નિયુક્તિ થઈ શકે છે તે જગ્યાને આઈડેન્ટીફાય કરવામાં આવી છે. સંભવ છે કે ઓગષ્ટના અંત સમયમાં અથવા તો સપ્ટેમ્બરમાં આ નિયુક્તિ કરી દેવામાં આવે. પાર્ટીના ધારાસભ્યો આ પ્રક્રિયાની કાગડોળે રાહ જોઈ રહ્યાં છે...

**એક અધિકારી સાયકલ ઉપર નોકરી જાય છે, રોજની દસ કિલોમીટરની સફર છે**

**પ્રવિણ ચૌધરી અને સાયકલની સવારી...**

સામાન્યરીતે સરકારી અમલદાર મોંઘી સરકારી ગાડીમાં કચેરીએ જતા હોય છે ત્યારે છોટા ઉદેપુર જિલ્લાના અધિક કલેક્ટર કક્ષાના એક અધિકારી આજે પણ સાયકલ પર નોકરીએ જાય છે. પ્રવિણ ચૌધરી નામના આ ઓફિસરે આદિવાસી વિસ્તારના યુવાનો માટે પ્રેરણાદાયી કામ કર્યું છે. પેટ્રોલ અને ડીઝલના ભાવવધારા સામે સાયકલ બેસ્ટ ઉપાય છે. તંદુરસ્તી પણ જળવાઈ રહે છે. પ્રવિણ ચૌધરીનું સાદગીભર્યુ જીવન ટોક ઓફ ધ ટાઉન બનેલું છે. તેઓ કહે છે કે 'નોકરીમાં એટલું વ્યસ્ત રહેવાય છે કે શરીરને વ્યાયામ મળતો નથી. સાયકલ ચલાવવાથી કસરત થઈ જાય છે. વળી પ્રદૂષણ પણ થતું નથી. હું રોજના ૧૦ કિલોમીટર સાયકલિંગ કરૂં છું.' આ અધિકારીએ છોટાઉદેપુરને પ્રેરણા આપી છે. જાણીને નવાઈ લાગશે કે સચિવાલયમાં ૧૯૮૦-૧૯૯૦ના દસકામાં સાયકલ માટે સ્ટેન્ડ હતા, આજે આ સ્ટેન્ડની જગ્યાએ કાર પાર્કિંગ માટે છત ઉભી કરી દેવામાં આવી છે. કોઈ કર્મચારી સાયકલ લઈને સચિવાલય જાય તો તેને પાર્કિંગની તકલીફ પડે છે તેથી તે તેની સાયકલ કોઈ વૃક્ષની નીચે પાર્ક કરતા જોવા મળે છે.




**સચિવાલયમાં શ્વાન પણ ઘુસી જાય છે...**

સચિવાલયમાં મુલાકાતીઓ માટેના ત્રણ કોઠા હોય છે પરંતુ પશુ-પંખીઓને સલામતીની કોઈ દિવાર નડતી નથી. અત્યાર સુધી સચિવાલયમાં બંદરનો ત્રાસ હતો. ગમે ત્યાં ઠેકડા મારીને બંદરો સચિવાલયની અંદર ઓફિસ સુધી આવી જતા જોવામાં આવ્યા છે પરંતુ હવે તો સરકારી કચેરીઓમાં હવે તો શ્વાન ઘુસી જવાના કિસ્સા બને છે. સચિવાલયના બ્લોકની લોબીમાં ઘણીવાર શ્વાન ફરતા જોવા મળે છે તો ક્યારેક પગથિયા પર આડશ કરીને બેસી જાય છે. આ શ્વાન આવે છે ક્યાંથી તે પોલીસ માટે પણ તપાસનો વિષય છે. સચિવાલયની ખૂબસુરતી તેના ગાર્ડન છે અને તેમાં ઢગલાબંધ મોર આવતા હોય છે. સુરક્ષા કર્મચારીઓ મોરના માટે જુવાર અને અન્ય ખાદ્યપદાર્થો લાવતા હોય છે. જો કે શ્વાન સચિવાલયની અંદર આવવાનું કારણ કર્મચારીઓના નાસ્તા અને કેન્ટીન છે. જૂના સચિવાલયમાં તો પ્રત્યેક બ્લોકમાં શ્વાનના અડ્ડા જોવા મળે છે પરંતુ હવે આ શ્વાન નવા સચિવાલય સુધી લાંબા થયા છે. એક સરકારી અધિકારીએ કોમેન્ટમાં એવું કહ્યું હતુ કે- આપણી સરકાર પશુ-પક્ષી પ્રેમી પણ છે તે જાણીને આનંદ થાય છે...

**પહેલાં ખાતાં ખોલ્યાં હવે બંધ કરાશે...**

મોદી સરકાર તરફથી જનધન યોજનામાં પહેલાં લાખો બેન્ક ખાતાં ખોલવામાં આવ્યા હતા, આ ખાતાં મારફતે સરકારના તમામ લાભો સીધા લાભાર્થીને આપવાનો ઈરાદો હતો પરંતુ સરકારના ધ્યાન પર આવ્યું છે કે જનધન ખાતાંમાં આર્થિક વ્યવહાર થતાં નથી. જો તમારી પાસે જનધન એકાઉન્ટ છે અને તમે મહિનાઓ સુધી તેનો ઉપયોગ કર્યો નથી તો તમારૂં ખાતું બંધ શઈ શકે છે. એવાં ખાતાંઓ કે જેમાં કોઈ ટ્રાન્ઝેક્શન થયું નથી તેમને નોટીસ મોકલવામાં આવી છે અને ચેતવણી અપાઈ છે કે બેન્ક ટ્રાન્ઝેક્શન કરો અન્યથા તમારૂં ખાતું બંધ થઈ શકે છે. ગુજરાતમાં આવા ખાતાંની સંખ્યા હજારોમાં નહીં લાખોમાં થાય છે. જનધન યોજના હેઠળ બેન્કોમાં કુલ ૩૨ કરોડ બેન્ક ખાતાં ખોલવામાં આવ્યા છે અને તેમાં કુલ ૮૧૦૦૦ કરોડ રૂપિયા જમા પડ્યા છે.



**ભારતને બીજા વાજપેયી ક્યારે મળશે...**

ભારતના સહિષ્ણુ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અનંતની સફરે ઉપડી ગયા છે પરંતુ તેમના જેવા વક્તા ભારતને હવે ક્યારે મળશે તે નિશ્ચિત નથી. હાલના રાજકારણમાં એક બીજાને ઉતારી પાડવાની, બદનામ કરવાની તેમજ હલકાં ચિતરવાની હોડ મચી છે ત્યારે ભારત દેશને બીજા વાજપેયીની જરૂર છે. વાજપેયી જેવા ગુણોથી સભર હોય તેવા નેતા અત્યારના સમયમાં શોધવા મુશ્કેલ છે. તેમના પ્રવચનો ઓનલાઈન સાંભળીને કોઈ યુવા નેતા તૈયાર થાય તો નવાઈ પામવા જેવું નથી. કહેવાય છે કે નવા વાજપેયીની જરૂરિયાત ભાજપને જેટલી છે તેનાથી વધારે કોંગ્રેસને છે. જો પાર્ટીમાં મૂઠી ઉંચેરા માનવીઓ હોય તો તે પાર્ટીને લોકો માન-સન્માન આપી શકે છે. કેમ કે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આજે ભેદરેખા રહી નથી. બન્ને પાર્ટીઓ તેમના ઓરિજનલ સિદ્ધાત વિસરી ચૂકી છે.

**ભારતને બીજા વાજપેયી ક્યારે મળશે ? આવા નેતાની બન્ને પાર્ટીઓને આવશ્યકતા**

**સ્વિટ્ઝર્લેન્ડ કમાણી માટે પણ ઉત્તમ પ્રદેશ...**

વર્લ્ડ ટેલેન્ટ રેટિંગના લિસ્ટમાં રસપ્રદ બાબત એવી સામે આવી છે કે પૃથ્વી પરના સ્વર્ગ એવા સ્વિટ્ઝર્લેન્ડ એવો પ્રદેશ છે કે જ્યાં દુનિયામાં સૌથી વધુ સેલેરી મળે છે. ખૂબસુરત એવા આ દેશમાં સરેરાશ ૯૨૬૨૫ ડોલર એટલે કે ૬૩.૬૦ લાખનો વાર્ષિક સેલેરી મળે છે. એટલે કે નોકરીયાત વ્યક્તિ એવરેજ મહિને ૫.૩૦ લાખ રૂપિયા કમાય છે. બીજાક્રમે પ્રતિમાસ ૩.૪૭ લાખ સાથે અમેરિકા, ત્રીજે ૩.૩૪ લાખ સાથે લગ્જમબર્ગ, ચોથાસ્થાને ૨.૫૭ લાખ સાથે હોંગકોંગ અને પાંચમાક્રમે જાપાન અને જર્મની આવે છે. આ બન્ને દેશમાં સરેરાશ ૩૩.૦૮ લાખ રૂપિયા સેલેરી હોય છે. ભારત દેશની વાત પૂછવા જેવી નથી. આપણે ત્યાં સરેરાશ મહિને બે થી અઢી લાખ રૂપિયા પણ નસીબ નથી.

**ગુજરાતમાં ૩૫ ટકા વરસાદ ઓછો થયો...**

ગુજરાતમાં સામાન્ય કરતાં ૩૫ ટકા વરસાદ ઓછો થયો છે ત્યારે ખેતીવાડીના અંદાજ જણાવે છે કે પાણીના અભાવે રાજ્યમાં કૃષિ ઉત્પાદનમાં થોડી બ્રેક લાગી શકે છે. પાક પરિવર્તન પણ સામે આવ્યું છે તેથી પરંપરાગત પાકોના ઉત્પાદનમાં ઘટાડો થઈ શકે છે. ગુજરાતમાં ૧૫મી ઓગષ્ટ સુધીમાં ૮૪.૩૯ ટકા વાવેતર થયું હોવાનો કૃષિ વિભાગનો રિપોર્ટ છે. રાજ્યમાં સરેરાશ કુલ ૮૫.૬૫ લાખ હેક્ટર પૈકી અત્યાર સુધીમાં ૭૭.૯૦ હેક્ટર વાવેતર થયું છે. કૃષિ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે આ મહિનાના અંત સુધીમાં હજી વાવેતર વધી શકે છે આમ છતાં કૃષિ ઉત્પાદનમાં નજીવો ઘટાડો થવાની સંભાવના છે. ગુજરાતમાં ખરીફ સિઝનમાં અનાજ પાકો ઉપરાંત કઠોળ, મગફળી, કપાસ અને શાકભાજી મુખ્ય છે. રાજ્યમાં ખરીફના બાદશાહ એવા કોટનનું વાવેતર ૧૦૨ ટકા થયું છે પરંતુ મગફળીનું વાવેતર હજી ૯૬.૮૭ ટકાએ પહોંચ્યું છે.

**સચિવાલયમાં પહેલાં બંદર આવતા હતા પણ હવે તો શ્વાન લમા માળે આંટા મારે**

**IAS આલોક પાંડેને ગુજરાત આવવું છે...**

ગુજરાત કેડરના આઈએએસ ઓફિસર આલોક પાંડે હાલ ડેપ્યુટેશન પર ઉત્તરપ્રદેશમાં છે. તેમને એમ હતું કે તેમને યોગી આદિત્યનાથના સીએમઓમાં ફરજ મળશે પરંતુ ગુજરાતમાંથી ગયા પછી તેમનું પોસ્ટીંગ સહારનપુર જિલ્લા કલેક્ટર તરીકે થયેલું છે. ૨૦૦૬ની બેચના આ અધિકારીએ ઉત્તરપ્રદેશ ગયા પછી અનેક પ્રયાસો કરી જોયા કે તેમને યોગી આદિત્યનાથ સાથે સીધું કામ કરવા મળે પરંતુ તેમનું આ ખ્વાબ પૂર્ણ થયું નથી. વર્ષ અગાઉ તેમણે ગુજરાત પાછા આવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. હવે ફરીથી ગુજરાતમાં પાછા આવવા માટે લોબિંગ કરી રહ્યાં છે. મુખ્યમંત્રીના કાર્યાલયમાં તેમણે પોસ્ટીંગ મેળવવા માટે અનેક પ્રયાસો કર્યા છે પરંતુ તેમને સફળતા મળી શકી નથી.